# પુષ્યમિત્ર શુંગની સિધ્ધિઓ.
# (ઇ.સ.પૂર્વે 185 થી ઇ.સ.પૂર્વે 149)

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી
આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણ રચના

1. પ્રસ્તાવના
2. સેનાપતિ પુષ્યમિત્ર
3. રાજયવિસ્તાર
4. વિદર્ભના યજ્ઞસેન રાજા ઉપર આક્રમણ
5. યુનાની(ગ્રીકોનું આક્રમણ)
6. અશ્વમેઘ યજ્ઞ (ધાર્મિક નીતિ)
7. ખારવેલની મગધ ઉપર ચડાઈ
8. સામાજિક વ્યવસ્થામાં આવેલું પરીવર્તન
9. બ્રાહ્મણ ધર્મનું પુનરુત્થાન
10. બ્રાહ્મણ સાહિત્યને ઉત્તેજન
11. સ્થાપત્યકલાને ઉત્તેજન
12. સમાપન

# પ્રસ્તાવના.

- ઇ.સ. 185ના અરસામાં મૌર્યવંશની સત્તાનું પાટણ કરી, શુંગવંશના સેનાપતિ પુષ્યમિત્રે પોતાના વંશની રાજકીય સત્તા સ્થાપી.
- શુંગો ભારદ્વાજ ગોત્રના બ્રાહ્મણ હતા. સંભવતઃ એ મૌર્ય રાજાઓના આચાર્ય અને પુરોહિત તરીકે કામ કરતાં હતા.

# સેનાપતિ પુષ્યમિત્ર.

- મૌર્ય રાજા બૃહદ્રથ પ્રજાપાલનની પ્રતિજ્ઞાના પાલનમાં નિષ્ફળ નિવડયો, ત્યારે તેના જ લશ્કરના સેનાપતિ પુષ્યમિત્રે એને સૈન્યના નિરીક્ષણ નિમિત્તે બોલાવીને લશ્કરની હાજરીમાં મારી નાખ્યો અને મૌર્યવંશની જગ્યાએ શુંગવંશની સત્તા સ્થાપી.

# રાજય વિસ્તાર

- પુષ્યમિત્રે સત્તા પર આવ્યા પછી રાજ્ય પદવી ધારણ ન કરતાં સેનાપતિની જૂની પદવી ચાલુ રાખી. મગધ અને એની સમીપના કેટલાંક પ્રદેશ હજી પાટલિપુત્રની સત્તા નીચે હતા. કોશલ, વત્સ ઉપરાંત છેક શાકલ (પંજાબ) સુધી એની સત્તા હતી. મધ્યભારતમાં આકર-અવંતીનો પ્રદેશ પણ મગધ સામ્રારાજ્યના શાસન નીચે આવ્યો.
- પુષ્યમિત્રનો પુત્ર અગ્નિમિત્ર પણ શુંગવંશનો ખૂબ શક્તિશાળી રાજા હતો.

# વિદર્ભના યજ્ઞસેન રાજા ઉપર આક્રમણ.

- વિદર્ભમાં યજ્ઞસેન નામે રાજાની સત્તા હતી. એ મૌર્યકુલનો પક્ષકાર હતો.
- વિદિશાના રાજા અગ્નિમિત્રે યજ્ઞસેનના પિતરાઇ માધવસેનને પોતાના પક્ષમાં લઈ વિદર્ભ પર આક્રમણ કર્યું. યજ્ઞસેનાને હરાવી માધવસેનને વિદર્ભનું અડધું રાજ્ય અપાવ્યું.
- માધવસેનની બહેન માલવિકા રાજા અગ્નિમિત્રને પરણી. તેને ઉદ્દેશીને કવિ કાલિદાસે માલવિકાગ્નિમિત્ર નામે નાટક લખ્યું છે. એમાં જણાવ્યા પ્રમાણે દક્ષણમાં વિદર્ભ સુધી પ્રસર્યું હતું.

# યુનાની(ગ્રીકોનું આક્રમણ)

- મૌર્યકાલના અંતભાગમાં બાલ્લિક (બેકટ્રિયા) દેશના યુનાની (ગ્રીક) રાજા દિમિત્રે ઉતાર ભરતા પર આક્રમણ કરી મથુરા, પંચાલ અને કોસલ થઈ છેક પાટલિપુત્ર સીમા સુધી વિજયકૂચ કરી હતી. પરંતુ ગંગા-યમુનાના પ્રદેશમાં એ સ્થાયી સત્તા જમાવી શક્યો નહિ. યુનાની આક્રમણને પાછું હઠાવવામાં ત્યારે સેનાપતિ પુષ્યમિત્રે મહત્વનો ભાગ ભજવ્યો હશે.
- બૌધ્ધ અનુશ્રુતિ અનુસાર શાકલ(પંજાબ)નો યુનાની રાજા મિનેન્ડર (મિલિન્દ) બૌધ્ધ ધર્મનો અનુયાયી થયો હતો. મિનેન્ડરે મગધ સામ્રારાજ્ય પર આક્રમણ કર્યું અને ગંગા નદીની ખીણમાં લડતા મૃત્યુ પામ્યો.
- કાલિદાસના માલવિકાગ્નિમિત્ર માં સેનાપતિ પુષ્યમિત્રના સૈન્યને સિંધુ નદીના દક્ષિણતટે યુનાની સૈન્ય સાથે ઘર્ષણ થતાં રાજપુત્ર વસુમિત્રે યુનાની સૈન્યનો પરાભવ કર્યો. એવો ઉલ્લેખ આવે છે.

# અશ્વમેધ યજ્ઞ (ધાર્મિક નીતિ)

- પુષ્યમિત્રે બે વાર અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. અશ્વમેધ યજ્ઞ ચક્રવર્તી રાજાનો દિગ્વિજયનું સૂચક હોવાથી સેનાપતિ પુષ્યમિત્રે સમ્રાટપદ પ્રાપ્ત કર્યું હતું.
- અશોકના સમયમાં પશુવધ યજ્ઞ બંધ થયા હતા. જ્યારે અશ્વવધ વાળા મહાયજ્ઞ હવે ફરી શરૂ થયા, તેથી પુષ્યમિત્રે અશ્વમેધ પરંપરા ચાલુ કરીને વેદ ધર્મને પ્રોત્સાહન આપ્યું હતું.
- પુષ્યમિત્ર શુંગ બ્રાહ્મણ ધર્મનો ચુસ્ત અનુયાયી હતો અને બૌધ્ધ ધર્મનો ભારે વિરોધી હતો.
- તેને પોતાના રાજ્ય અમલ દરમ્યાન એક પછી એક એવા પગલાં ભર્યા કે જેને કારણે તેને બૌધ્ધ ધર્મનું નિકંદન કરનાર તરીકે વર્ણવવામાં આવ્યા.
  - બૌધ્ધ મઠો અને વિહારોનો નાશ કરાવ્યો,
  - સિયાલકોટમાં જઈને એવી જાહેરાત કરીકે પ્રત્યેક બૌધ્ધ સાધુના માથાદીઠ 100 સોનામહોર આપવામાં આવશે.
  - તેણે સમ્રાટ અશોકે બંધાવેલ બૌધ્ધ વિહાર કુક્કુટારામનો નાશ કરવા ત્રણ વાર પ્રયત્નો કરેલા.
  - પાટલિપુત્રથી જલંધર સુધીના બધાંજ બૌધ્ધ સ્તુપો અને વિહારોને ખંડિત કરવાનું કાર્ય તેને કર્યું હતું.

# ખારવેલની મગધ ઉપર ચડાઈ.

- કલીગના રાજા ખારવેલે પુષ્યમિત્રના રાજ્ય અમલના 8માં વર્ષે મગધની દક્ષિણે હુમલો કર્યો અને ગોરથગીરી ટેકરીના કિલ્લા પાસે તેણે પુષ્યમિત્રના સૈન્યને હરાવ્યું. રાજાગૃહી ઉપર ધાડ પાડી.
- આજ સમયે ગ્રીક રાજા દિમિત્રિયાસે પશ્ચિમ તરફથી પુષ્યમિત્રના રાજ્ય ઉપર હુમલો કર્યો અને અગ્નિ દિશા તરફથી રાજા ખારવેલના હુમલાને કારણે પુષ્યમિત્રે મથુરામાં ભરાઈ જવું પડ્યું.
- પુષ્યમિત્રના 10 વર્ષ ખારવેલે ઉત્તર ભારત પર હુમલો કર્યો અને 12માં વર્ષે મગધ ઉપર બીજીવાર હુમલો કરી પુષ્યમિત્રને હરાવ્યો.
- આ સમયે ખારવેલે કલિંગના પહેલાના રાજા પાસેથી નંદ રાજાએ લઇ લીધેલી જૈન પ્રતિમા શીતલનાથ ભગવાનની પાછી મેળવી. તેમજ તેમણે પાટલિપુત્રનો શાહી ખજાનો લૂંટી લીધો.
- ખારવેલના સતત હુમલાથી સામ્રારાજ્યમાં ભય વ્યાપી ગયો અને પુષ્યમિત્રએ મગધ કાયમને માટે છોડવું પડ્યું. આમ, પુષ્યમિત્રની સત્તા ક્યાં આથમી ગઈ.

# સામાજિક વ્યવસ્થામાં આવેલું પરીવર્તન.

- શુંગ શાસનમાં વર્ણાશ્રમ વ્યવસ્થાને સુદ્રઢ પ્રયાસો થયા. મનુસ્મૃત્તિનું પુનઃ સંકલન થયું. વર્ણાશ્રમ વ્યવસ્થાની ઉપયોગિતા અને તેની ફરજોની મર્યાદાનું વિસ્તાર પૂર્વક પુનઃદોહન થયું. લગ્નના નિયમો વધુ કડક કરવામાં આવ્યા. નિયોગની પ્રથા લોકોમાં અપ્રિય બની ચૂકી હતી. ખાસ સંજોગોમાં જ પુનર્લગ્નની છૂટ હતી.

# બ્રાહ્મણ ધર્મનું પુનરુત્થાન અને બ્રાહ્મણ સાહિત્યને ઉત્તેજન.

- આ સમયે બ્રાહ્મણ ધર્મને રાજ્યાશ્રય મળ્યો. ભાગવત સંપ્રદાયનું મહત્વ વધ્યું.
- શુંગ રાજવી ભાગભદ્રના રાજદરબારમાં આવેલ યવન રાજાના દુત હેલિયોડોરસે ભાગવત ધર્મનો અંગીકાર કર્યો. બેશ નગર જે ભીલસા નજીક આવેલું છે, એમાં ગરુડ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.
- વિદિશા એ ભાગવત સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું.
- વિદિશાનો સાંસ્કૃતિક કેન્દ્ર તરીકેનો વિકાસ આ સમયમાં થયો. એ સાહિત્યિક અને કલાની પ્રવૃત્તિઓથી ધમધમતું હતું.
- મનુસ્મૃત્તિનું પુનઃ સંકલન થયું. મહાભારત અને રામાયણનો મોટોભાગ લિપિબધ્ધ થયો.
- પતંજલિએ પાણિનીના અષ્ટાધ્યાયી ઉપર મહાભાષ્ય રચ્યું.

# સ્થાપત્ય કલાને ઉત્તેજન.

- આ સમયમાં વિદિશા પાસે ભારભૂતનો વિખ્યાત બૌધ્ધ સ્તૂપ બંધાવ્યો.
- અશોકે બંધાવેલ સાંચીના સ્તુપને ફરતે દીવાલ તેમજ તેના દરવાજા અને તોરણો આ સમયે બંધાયા. સાંચીના સ્તૂપના પ્રસિધ્ધ દરવાજો બનાવનારા વિદિશાના હાથીદાંતના કારીગરો હતા.
- ગરુડ સ્તંભ, અમરાવતીનો સ્તૂપ, ભારભૂતનો વૃક્ષ દેવતા, વિહારોથી ઘેરાયેલું ગયાનું જંગલ, વગેરે આ સમયના અમર સ્મારકો છે.